જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૧/૨૦૧૯ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**     **સમાચાર યાદી નં.૧૮૩/૧૯**

## ચોરીના આરોપી પકડી કાયદેસર કરતી કારંજ પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝનનાઓની સુચનાથી કારંજ પોલીસ ઈન્સપેકટર શ્રી એફ.એમ.નાયબ સાહેબના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટેના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.જે.ચાવડા તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો કલ્પેશભાઇ ભીમજીભાઇ તથા  પો.કો કેતનકુમાર અંબાલાલ બ.નં.૫૧૧૭ નાઓને સંયુક્ત બાતમી હકીકત આધારે કારંજ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર ૧૨/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામે તા.૨૩/૧/૧૯ ના રોજ એક એક્ટીવા નંબર જી-જે-૦૧-યુસી-૪૪૮૬ પર બે ઇસમો દ્વારા અગાસીયા હોટલ પાસે બાથરુમની બહાર જાહેરમાંથી અમેરીકન નાગરીક વિલ્સન રહેઃ ફ્લોરીડા,યુ.એસ.એ નો ફ્યુજીફીલ્મ-૧૦૦ –ટી નો કેમેરો જેની કિમત રૂ.૮૦૦૦/- ની ચોરી કરી લઇ ગયેલ જે આરોપી નામે હિરેન ઉર્ફે આપુ સ/ઓ ભીખાભાઇ પટેલ ઉ.વ.૨૮ રહેઃ ૧૬૭/૨૦૦૨,સુર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨, પારસનગર, સોલા રોડ, નારણપુરા,અમદાવાદ ને ને બાતમી આધારે ગુનાના કામનાં તમામ મુદામાલ સાથે આજરોજ તા.૨૮/૧/૧૯ ના કલાક વાગે અટક કરી કાયદેસર કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી ગુના ડિટેક્ટ કરવા સુચના આધારે અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી.જાડેજા તથા સર્વેલન્સ પો.સબ.ઇન્સ એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ દિલીપસિંહ કીશોરસિંહ બ.નં-૭૫૮૯ તથા અ.પો.કો અજીતભાઈ ભીખાભાઈ બ.નં-૪૨૯૪ તથા લો.ર હરદિપસિંહ ભગીરથસિંહ બનં.૧૩૩૨ તથા લો.ર જયપાલસિંહ રણજીતસિંહ બનં.૧૨૩૦૨ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.લો.ર હરદિપસિંહ ભગીરથસિંહ નાઓની સંયુક્ત બાતમી આધારે ઓઢવ રીંગરોડ સર્કલ પાસેથી ઓઢવ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં-૩૦૧૫/૧૭ ઇ.પી.કો કલમ ૨૪૨ તથા આઇ.ટી.એક્ટ કલમ ૪૩(એ)(બી), ૬૭, ૬૭(એ)(બી) મુજબના કામના નાસતા ફરતા આરોપી મુકેશભાઇ કડવાભાઇ જાતે શેખ, ઉ.વ.૪૦ રહે: ગામ:કુકાવાવ જવાહરચોક પાસે રામપરા વિસ્તાર તા.કુકાવાવ જી.અમરેલી નાને આજરોજ તા-૨૮/૦૧/૨૦૧૯ ના ક.૧૧/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી નાસતા ફરતા આરોપીને પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે.તા-૨૮/૦૧/૨૦૧૯

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "અમરદિપ ઉર્ફે આલોક સ/ઓ ચંદુભાઇ લાલજીભાઇ ડામોર, ઉ.વ.૨૯ રહે: મ.નં-એ/૧૪, મારૂતિ રેસીડન્સી-૩, વિરટક રેસીડન્સીની સામે, સિંગરવા, અમદાવાદ શહેર મુળવતન: ગામ: ભિલોડ, નવા વસવાટ તા-ભિલોડા, જી.અરવલ્લી" નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે અમરદિપ ઉર્ફે આલોક સ/ઓ ચંદુભાઇ લાલજીભાઇ ડામોર નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-**PCB/DTN/PASA/87/19** તા.28/01/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫ તથા અ.પો.કો રાજેશભાઇ રમેશભાઇ બ.નં-૬૭૭૯ તથા અ.પો.કો ચન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ તથા અ.પો.કો લાલજીભાઇ રાયસંગભાઇ બ.નં-૮૭૮૩ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ સીંગરવા વેપારી મહામંડળ પાસેથી અ.પો.કો ચન્દ્રસિંહ લાખુભા નાઓની સચોટ બાતમી હકિકત આધારે સદરી ઈસમને પકડી લઇ તા.૨૮/૧૨/૨૦૧૮ ના રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી લાજપોર, સુરત મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૨૮.૦૧.૨૦૧૯.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.